# ડીઝલની કિંમતમાં ભાવ વધારાનો દેશભરમાં પ્રચંડ વિરોધ

## ટેકો ખેંચી લેવાની મમતા બેનર્જીએ ધમકી પણ આપી : યુપીએ સરકારના સાથી પણ તૃણમૂલ કોંગ્રેસ, ડીએમકે અને એનસીપી પણ લાલઘુમ

નવી દિલ્હી,તા. ૧૪

ડીઝલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા પાંચનો કમરતોડ વધારો ઝીંકવામાં આવ્યા બાદ દેશમાં ભાવ વધારાની સામે પ્રચંડ વિરોધનું મોજુ ફરી મળ્યું છે. તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો મેદાનમાં આવી ગયા છે. બીજી બાજુ યુપીએ સરકારના ઘટક પક્ષ પણ મેદાનમાં આવી ગયા છે. મમતા બેનર્જીના નેતૃતવમાં તૃણમૂળ કોંગ્રેસ, ડીએમકે અને એનસીપી દ્વારા પણ ભાવ વધારા સામે જોરદાર વાંધો ઉઠાવીને આને તરત પાછો ખેંચી લેવાની તીવ્ર માંગણી કરી છે. મમતા બેનર્જીએ તો ભાવ વધારો પરત નહી ખેંચાય તો ટેકો પાછો ખેંચી લેવાની ધમકી પણ આપી દીધી છે. દિલ્હી, મુંબઈ, કોલકત્તા, ચેન્નાઈ અને અમદાવાદ જેવા મોટા શહેરોમાં હિંસક દેખાવો કરવામાં આવી રહ્યા છે. ડીઝલની કિંમતમાં વધારો કરાતા અન્ય રાજકીય પક્ષો પણ નારાજ છે. જેમાં ડાબેરીઓ અને સમાજવાદી પાર્ટી પણ સામેલ છે. શિવસેનાએ મહારાષ્ટ્રમાં વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરી છે. સમાજવાદી પાર્ટીના સભ્યોએ પણ નારાજગી વ્યક્ત કરી છે. કેટલાક રાજ્યોમાં શનિવારે બંધની હાકલ કરવામાં આવી છે. કેરળમાં આવતીકાલે બંધ પાળવામાં આવશે. મમતાના સમર્થકો પણ મેદાનમાં ઉતરી ગયા છે.

ડીઝલની કિંમતમાં કમરતોડ ભાવવધારો કરવા અને એલપીજી સિલેન્ડરને વર્ષમાં છ સુધી મર્યાદિત કરવાના યુપીએ સરકારના નિર્ણયને લઈને સાથી પક્ષોમાં નારાજગીનું મોજું ફળી વળ્યું છે. મમતા બેનરજીના નેતૃત્વમાં તૃણમુલ કોંગ્રેસ અને અન્ય સાથી પક્ષો લાલઘૂમ દેખાઈ રહ્યા છે. સાથી પક્ષોએ ડીઝલની કિંમતમાં ભાવવધારાને તાત્કાલિક પરત ખેંચી લેવાની માંગ કરી છે. નારાજ સાથી પક્ષો અને વિરોધ પક્ષો સરકાર ઉપર ભીષ વધારી રહ્યા છે. આગામી દિવસોમાં મનમોહનસિંહ સરકારનો સાથી પક્ષોના રોષનો સામનો પણ કરવા પડશે. યુપીએના સૌથી મોટા સાથી પક્ષ ટીએમસી દ્વારા રોલબેકની માંગણી કરવામાં આવી છે. મમતા બેનરીજએ કહ્યું છે કે યુપીએ સરકાર લોકવિરોધી નીતિને આગળ વધારી રહી છે. લોકવિરોધી નિર્ણય સામે આગામી દિવસોમાં શેરીઓમાં પ્રદર્શન કરવામાં આવશે. જો ભાવવધારાને પરત ખેંચવામાં આવશે નહીં તે તેમની પાર્ટી ટેકો પાછો ખેંચી લેવા પણ એક મિનિટ પણ વિચાર કરશે નહીં. મમતા બેનરજીએ કહ્યું છે કે અમે તરત ભાવવધારો પરત ખેચે તેમ ઈચ્છીએ છીએ.

જો ભાવવધારો ખેંચાશે નહીં તો કઠોર નિર્ણય લેવાની ફરજ પડશે. લોકવિરોધી નીતિનો અમે વિરોધ કરી રહ્યા છીએ. યુપીએના સાથી પક્ષ ડીએમકે દ્વારા પણ ભાવવધારાનો જોરદાર વિરોધ કર્યો છે. પક્ષના વડા એમ કરુણાનીધિએ કહ્યું છે કે જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ પહેલાંતી જ આસમાને છે આવી સ્થિતિમાં આ વધારો ગરીબી અને મધ્યમવર્ગ ઉપર માઠી અસર કરશે. એનસીપી પણ ખૂબ જ નારાજ છે અને રોલબેકની માંગ કરી છે. કેન્દ્ર સરકારને ભાવવધારાને પરત ખેંચવા વિચારણા કરવી જોઈએ. એનસીપીના પ્રવક્તા નવાબ મલિકે આ મુજબની વાત કરી છે. સમાજવાદી પાર્ટીએ પણ ભાવવધારા સામે ધરણા યોજવાની જાહેરાત કરી છે. ભાજપે ભાવવધારાને વખોડી કાઢીને ગઈકાલે જ ટીકા કરી હતી. ડાબેરીઓ પણ નાખુશ દેખાઈ રહ્યા છે. બીજી બાજુ કોંગ્રેસે સરકારી નિર્ણયનો બચાવ કર્યો છે. પક્ષના જનરલ સેક્રેટરી દિગ્વિજયસિંહે કહ્યું છે કે કેટલીક વખત સારી સરકારને કઠોર નિર્ણય લેવા પડે છે.



### વધારાની સાથે સાથે....

- ડીઝલની કિંમતમાં ભાવ વધારાની સામે દેશભરમાં જોરદાર દેખાવ અને વિરોધ પ્રદર્શન
- ડીઝલની કિંમતમાં ભાવ વધારાને પરત લેવાની માંગણી કરાઈ
- મનમોહનસિંહ સરકાર પર દબાણ વધારાયું
- યુપીએ સરકારના સાથી પક્ષ તૃણમૂળ કોંગ્રેસ, ડીએમકે અને એનસીપી પણ ભારે નારાજ
- સરકારને બહારથી ટેકો આપનાપર સમાજવાદી પાર્ટી દ્વારા પણ વિરોધ પ્રદર્શન
- મમતાના સમર્થકો અને શિવ સેનાના સમર્થકો શેરીઓમાં ઉતરી ગયા
- કેરળમાં શનિવારે બંધની જાહેરાત કરવામાં આવી
- ભાજપ અને ડાબેરીઓ દ્વારા પણ સરકારની ટિકા કરાઈ
- ભાવ વધારો પરત નહી ખેંચાય તો ટેકો પાછો ખેંચી લેવાની મમતાની ધમકી

### કેરળમાં આજે બંધની હાકલ

# ભાવ વધારાથી કોંગ્રેસનાં ટોચના નેતા ભારે નાખુશ

નવીદિલ્હી, તા.૧૪

ડીઝલની કિંમતમાં ભાવ વધારાને લઈને યુપીએ સરકાર માત્ર વિરોધ પક્ષો અને સાથી પક્ષો તરફથી જ નારાજગી સામનો કરી રહી નથી. કોંગ્રેસ પાર્ટીના સભ્યો પણ નારાજ દેખાઈ રહ્યા છે. કોંગ્રેસના મુખ્યમંત્રીઓ પણ નારાજગી વ્યક્ત કરી ચૂક્યા છે. કેરળના મુખ્યમંત્રી ઓમન ચંડીએ કહ્યું છે કે, તેમની સરકારે ડીઝલની કિંમતમાં ભાવ વધારો ટાળવાની જરૂર હતી. વધારાને આંશિક રીતે પરત ખેંચવાની માંગણી કરાઈ છે. કોંગ્રેસના ઓમન ચંડી યુડીએફ સરકારનું નેતૃત્વ કેરળમાં કરી રહ્યા છે. તેમણે કહ્યું છે કે, જો ભાવ વધારાને સંપૂર્ણ રીતે પરત ખેંચવામાં મુશ્કેલી નડી રહી છે તો ભાવ વધારાને પરત ખેંચવાની જરૂર છે. એલડીએફ દ્વારા આવતીકાલે ભાવ વધારા સામેના વિરોધમાં હડતાળની હાકલ કરવામાં આવી છે. એલડીએફનાં નેતાઓનું કહેવું છે કે, ભાવ વધારાના કારણે સામાન્ય લોકોની તકલીફમાં ઉલ્લેખનીય વધારો થશે. ઓમન ચંડી ઉપરાંત કોંગ્રેસના અન્ય રાજ્યોનાં મુખ્યમંત્રી પણ વાંધો ઉઠાવી રહ્યા છે. બીજીબાજુ પંજાબ અને અન્ય રાજ્યોનાં મુખ્યમંત્રીઓએ આ વધારા સામે વાંધો ઉઠાવ્યો છે. બિહારના મુખ્યમંત્રી અને જેડીયુના નેતા નીતિશકુમારે ડીઝલના ભાવ વધારાની કિંમતની ટીકા કરી છે અને કહ્યું છે કે લોકોના હિતમાં તાત્કાલિક ધોરણે નીતિઓમાં સુધારા થવા જોઈએ. ફુગાવો અને કિંમતોમાં ભાવ વધારો ડીઝલની કિંમતમાં વધારો થયા બાદ વધુ વધશે. કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારનાં નિર્ણયને કમનસીબ રીતે ગણાવીને નીતિશકુમારે આકરી ટીકા કરી છે. તેમણે એમપણ કહ્યું છે કે, જ્યારે કોંગ્રેસ સત્તામાં આવે છે ત્યારે ભાવ વધારાની શરૂઆત થઈ જાય છે. ડાબેરીઓ નાખુશ દેખાઈ રહ્યા છે. પંજાબમાં શિરોમણિ અકાલીદળે પણ વાંધો ઉઠાવ્યો છે. અકાલીદળના પ્રવક્તાનું કહેવું છે કે, આ નિર્ણયથી દેશનાં ગરીબ અને મધ્યમવર્ગની હાલત કફોડી બનશે. ડીઝલની કિંમતમાં ભાવ વધારાથી પરિવહન સેક્ટર ઉપર સીધી અસર થશે. ઉત્તર પ્રદેશનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ આ વધારાને લોકવિરોધી ગણાવીને ટીકા કરી છે. યુપીએ સરકાર ખોટી આર્થિક અને વિદેશ નીતિઓને આગળ વધારી રહી હોવાનો આક્ષેપ માયાવતીએ કર્યો છે.

# એક પરિવાર પર રાંધણગેસ બજેટમાં ૫૦ ટકાનો વધારો

નવી દિલ્હી, તા. ૧૪

મોંઘવારીથી પરેશાન લોકો ઉપર કેન્દ્ર સરકારે ફરી એકવાર જંગી બોજ ઝીકી દીધો છે. ડીઝલની કિંમતમાં લિટર દીઠ રૂપિયા પાંચનો વધારો કરી દીધો છે. સાથે સાથે માત્ર છ જ સિલેન્ડર સબસીડી ઉપર આપવાનો નિર્ણય પણ કર્યો છે. સિલેન્ડરની સંખ્યા મર્યાદિત કરવામાં આવતા માત્ર રાંધણગેસના બજેટમાં મહિને એક પરિવાર ઉપર આશરે ૫૦ ટકાનો બોજ વધી ગયો છે. અથવા તો રાંધણગેસના બજેટમાં વાર્ષિક ૫૦ ટકાનો બોજ સામાન્ય લોકો પર પડી ગયો છે. અથવા તો એક પરિવાર ઉપર વાર્ષિક ૨૨૨૦ રૂપિયા બોજ વધી ગયો છે. કોઈપણ પરિવારની ગણતરી ઉપર ધ્યાન કરવામાં આવે તો એખ પરિવારનું રાંધણ ગેસ બિલ હવે ૫૦ ટકા વધશે. હાલમાં એક પરિવાર ૧૨ સબસીડીવાળા સિલેન્ડર પર વર્ષે ૪૮૦૦ રૂપિયા ખર્ચ કરે છે. હવે પરિવારને બીજા છ સબસીડીવાળા સિલેન્ડર પર વર્ષે ૨૪૦૦ રૂપિયા ચૂકવવા પડશે. અને બીજા છ માટે ૪૬૨૦ રૂપિયા ચૂકવવા પડશે. આ કિંમત બજાર કિંમતની ચૂકવણી ઉપર કરવામાં આવશે. જેથી વર્તમાન રેટમાં વર્ષે રાંધણ ફ્યુઅલનો ખર્ચ વધીને ૭૦૨૦ થઈ જશે. આ ગણતરી કરવામાં આવે તો એક પરિવાર ઉપર મહિને એક સિલેન્ડરના ઉપયોગની ગણતરી અને સરેરાશથી તેના રાંધણ ગેસના બજેટમાં ૨૨૨૦ રૂપિયા વધારો થઈ ગયો છે. એલપીજીનો ખર્ચ ૫૦ ટકા સુધી વધી ગયો છે. સબસીડીવાળા સિલેન્ડર ઉપર મર્યાદા વધુ તકલીફ ઊભી કરશે. દરેક સિલેન્ડર પર સબસીડી ૩૭૦ રૂપિયાની છે. વર્તમાન કિંમતે એક વર્ષમાં છ સિલેન્ડર જ મળશે. વધુ સિલેન્ડર માટે સિલેન્ડર દીઠ ૭૭૦ રૂપિયા ચૂકવવા પડશે.



# ઓગષ્ટ માસમાં મોંઘવારી ફરી વધી : ફુગાવો ૭.૫૫ ટકા થયો

નવી દિલ્હી,તા. ૧૪

મોંઘવારીમાં ફરી એકવાર તીવ્ર વધારો થવા લાગી જતા લોકો પર દિન-પ્રતિદિન બોજ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. ઓગષ્ટ મહિનામાં ફરીએકવાર ફુગાવો વધી ગયો છે. જુલાઈ ૨૦૧૨માં ફુગાવાનો દર ૬.૮૭ ટકા હતો જે વધીને ઓગષ્ટ મહિનામાં ૭.૫૫ ટકા સુધી પહોંચી ગયો છે.બટાકા, ઘઉ અને કઠોળની કિંમતમાં અને મેન્યુફેકચરિંગ ચીજવસ્તુઓની કિંમતમાં વધારો થયો છે.બીજી બાજુ આરબીઆઈ આગામી સપ્તાહમાં તેની નાણાંકીય નિતી સમીક્ષામાં વ્યાજદરમાં ઘટાડો કરે તેવા સંકેત મળી રહ્યા છે. ફુડ આર્ટિકલ્સના વર્ગમાં કઠોળની કિંમતમાં ઓગષ્ટ મહિના દરમિયાન ૩૪.૩૯ ટકાનો વધારો થયો છે. જ્યારે ઘઉની કિંમતમાં ૧૨.૮૫ ટકાનો વધારો થયો છે. શાકબાજીની કિંમતમાં વાર્ષિક આધાર પર ઓગષ્ટ મહિનામાં ૯.૯૮ ટકાનો વધારો થયો છે. બટાકાના ભાવમાં ૬૮.૮૬ ટકાનો વધારો થયો છે. આવી જ રીતે ચોખાની કિંમતમાં ૧૦.૨૯ ટકાનો વધારો થયો છે. દુધ અને ફળફળાદીની કિંમતમાં ક્રમશ ૬.૬૮ ટકા અને ૧.૧૪ ટકાનો વધારો થયો છે. જો કે ડુગળીની કિંમતમાં ઓગષ્ટ મહિના દરમિયાન ૨૦.૬૭ ટકાનો ઘટાડો થયો છે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સોમવારના દિવસે મહત્વપૂર્ણ બેઠક યોજનાર છેજેમાં વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા છે. કારણ કે ફુગાવો હજુ સામાન્ય ઝોનથી ઉપર છે.

## સમાચાર ઝલક

- જલ્લાદ અર્જુન જાધવનું નિધન, કસાબને લટકાવવાની ઇચ્છા અધુરી.
- હવે દેશભરમાં ગુટખા-પાબંધીની કેન્દ્રની વિચારણા.
- નવા સીમાંકન મુજબ સૌરાષ્ટ્ર-કચ્છની ચાર વિધાનસભાની બેઠકમાં ઘટાડો, નવી ધારાસભામાં ૫૪ સભ્યો હશે.
- મીઠાપુર અને ઓખામાં અનરાધાર વરસાદ.
- વિવેકાનંદનાં ચિત્રોવાળા તથા વિવેકવાણી વાળા વોલીબોલ તથા બેટ વહેચાશે. મેરઠની કંપનીને રૂા. ૧૫ કરોડનો ઓર્ડર.
- દિવાળી વેકેશન કોર્ટમાં આ વખતે ૧૩ દિવસનું રહેશે.
- કંધહાર વિમાન હાઇજેકનો મહેરાજુદ્દીન ડાન્ડ ઉર્ફે જાવેદ પકડાયો.
- ગાંધીનગર મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર મિનાક્ષીબેન પટેલની પ્રશંસનીય કામગીરીથી પી.આર.ઓ., આઇ.જી. શમશેરસિંગની કચેરીમાં ગોઠવાયાં.
- પત્નીને શારીરિક-માનસિક ત્રાસ બદલ રાજકોટનાં ડેપ્યુટી કલેકટર પંચાલની અમદાવાદમાં ધરપકડ.
- ક્રિકેટર નયન મોગીયા વિરૂધ્ધ તેની જ માતાએ ઘરેલું હિંસાનો કેસ કર્યો.
- બ્રિટીશ દુલ્હનના લગ્ન સમયે જ વીંટી ખોવાતાં તેણે કરી ભારે તોડફોડ.
- સનસનાટીવાળા સમાચારોથી દૂર રહેવા મીડિયાને મનમોહનસિંહજની શીખ.
- પ્રેમીને બેહરમીથી માર મારી જીવતો સળગાવી દીધો, પ્રેમિકાના કુટુંબીજનોનું કૃત્ય.
- ચૂંટણીમાં કાણા નાણાની હેરાફેરી-ખર્ચ ચકાસવા ૧૦૦ આયકર અધિકારીઓ નિમાશે.
- લંડનમાં એક બારમાં ૭૨ વર્ષથી કાયમી ગ્રાહક બિયરબારમાં છે, જેને ખાસ 'ચેર' અપાઇ છે.
- ફિલ્મ અભિનેત્રી બિપાશાનું આરોગ્ય કથળ્યું, માંદી પડી ગઇ.
- ગુજરાતમાં પ્રથમ વખત મોબાઇલ જોડાણની સંખ્યામાં જુલાઇ માસમાં ૧૨ લાખ કનેકશનનો ઘટ્યા.
- ગુજરાત હવે પાતાળમાંથી ઉર્જા મેળવીને વીજળી ઉત્પન્ન કરશે, દેશમાં જીઓથર્મલ વીજ ઉત્પાદનનાં પ્રોજેક્ટનો પ્રારંભ.
- એપલનો ધમાકો, આઇપોન-૫નું લોન્ચીંગ, વિશ્વમાં સૌથી હળવો સ્માર્ટ ફોન, ભારતમાં રૂા. ૪૦,૦૦૦માં મળી શકશે, પરંતુ છ માસ બાદ ડિલવરી થશે.

# રાજકારણમાં સામેલ થવાની યોજના નથી : પ્રિયંકા ગાંધી

નવીદિલ્હી, તા.૧૪

પ્રિયંકા ગાંધી વાઢેરાએ રાજકારણમાં સામેલ થવાની કોઈ યોજના હોવાનો આજે સાફ ઈન્કાર કર્યો હતો. આગામી લોકસભાની ચૂંટણી લડવાનો પ્રિયંકા ધરાવે છે તેવી ચાલી રહેલી અટકળો વચ્ચે પ્રિયંકા ગાંધીએ આ મુજબની વાત કરી હતી. ટેલિવિઝન ચેનલને મોકલેલા એક એસએમએસમાં પ્રિયંકાએ કહ્યું છે કે, હું રાજકારણમાં સામેલ થવા જઈ રહી નથી. સોનિયા ગાંધીના પુત્રી પ્રિયંકા ગાંધી ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત રહ્યા છે. પ્રિયંકાએ કહ્યું છે કે, રાયબરેલી અને અમેઠીમાં વર્કરો સાથે વાતચીત કરવાને લઈને કોઈ નવી ચીજ નથી. લોકસભામાં રાયબરેલી અને અમેઠીમાં તેમની માતા અને ભાઈ રાહુલ પ્રતિનિધિત્વ કરે છે. વર્ષ ૧૯૯૧થી સોનિયા ગાંધી અને રાહુલના મત વિસ્તારમાં તે પ્રચારમાં સામેલ રહ્યા છે. વર્ષ ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચૂંટણીમાં પ્રિયંકા રાયબરેલીથી ચૂંટણી લડશે તેવી ચાલી રહેલી અટકળો વચ્ચે પ્રિયંકાએ આ મુજબની વાત કરી છે. રાયબરેલી જવાની પણ પ્રિયંકા વાઢેરા યોજના ધરાવે છે. પ્રિયંકા ગાંધીની રાયબરેલીની જુદા જુદા પ્રસંગોમાં હાજરી તાજેતરના મહિનાઓમાં વધી છે. કોંગ્રેસે સોનિયા ગાંધીના મત વિસ્તારમાં તાજેતરમાં યોજાયેલી રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં પાંચ વિધાનસભા બેઠકો ગુમાવી હતી.



# ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગમાં ભારે વરસાદ

દહેરાદૂન,તા.૧૪

ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગ જિલ્લાના ઉખીમઠમાં ભારે વરસાદ અને વાદળ ફાટવાની ઘટનાથી ઓછામાં ઓછા ૧૯ લોકોના મોત થયા છે અને અન્ય ચાર લોકો ઘાયલ થયા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ પાસેથી પ્રાપ્ત થયેલી માહિતી મુજબ ઘણી જગ્યાઓએ મકાન ધારાશાયી થવાના બનાવો બન્યા છે. બચાવ અને રાહત કામગીરી અસરગ્રસ્ત વિસ્તારોમાં હાથ ધરવામાં આવ્યા છે. ગઈકાલથી ઉત્તરાખંડના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ઉત્તરાખંડના તિમાડા, સંસારી, ગિરિયા, ચુન્ની અને મંગાલી ગામમાં ભારે નુકસાન થયું છે. ઉત્તરાખંડમાં તાજેતરના દિવસોમાં ભારે વરસાદ થયો છે. વાદળ ફાટવાની પણ વારંવાર ઘટનાઓ બની છે.

ઓગસ્ટ મહિનામાં રાજ્યના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદના કારણે ૧૦ લોકોના મોત થયા હતા અને ૩૮ લોકો ઘાયલ થયા હતા. ચાર ધામની યાત્રાને પણ અસર થઈ હતી. મોટી સંખ્યામાં યાત્રીઓ અટવાઈ પડ્યા હતા. વાદળ ફાટવા અને ભારે વરસાદના કારણે ડઝન જેટલા મકાનો ધારાશાયી થઈ ગયા હતા. મોટી સંખ્યામાં લોકો કાટમાળ હેઠળ ફસાઈ ગયા છે. બચાવ અને રાહત કામગીરી તરત હાથ ધરાઈ છે.

પ્રાથમિક અહેવાલોને ટાકીને ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓએ કહ્યું છે કે ગુરુવારથી સતત ભારે વરસાદ થઈ રહ્યો છે. આજે વહેલી સવારે વાદળ ફાટવાની ઘટના બની હતી. ભારે વરસાદના લીધે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. સ્થાનિક વહીવટી તંત્રએ ભારે નુકસાનના અનુસંધાનમાં સેના અને આઈપીબીપીના જવાનોની પણ મદદ લીધી છે. ભારે વરસાદના કારણે દુરસંચાર અને વીજળી વ્યવસ્થા ઠપ થઈ ગઈ છે. આ વિસ્તારમાં નેશનલ હાઈવે સહિત ઘણા માર્ગો ઉપર ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળી છે. રિષીકેશ અને બદ્રીનાથ અને રિષીકેશ-ગંગોત્રી હાઈવે ભારે વરસાદ બાદ ભેખરો ધસી પડવાના કારણે બંધ કરવાની ફરજ પડી છે. રિષીકેશ-બદ્રીનાથ અને રિષીકેશ-ગંગોત્રી હાઈવે ઉપર મોટી સંખ્યામાં પ્રવાસીઓ અટવાઈ પડ્યા છે.



### મુકદ્દર યા સિકંદર (પાના નં. ૪ નું ચાલુ)

જમ્યા બાદ તેને થયું કે નસીબની આશાએ બેઠેલાં રાજાએ ભોજન ન મળ્યું. મેં પુરૂષાર્થ કર્યો તો મને ભોજન મળ્યું. જતાં જતાં તેને રાજાની દયા આવી. આથી તેણે રાજા માટે ભોજન લઇ લીધું. અને રાજાની પાસે જઇ પ્રારબ્ધ કરતાં પુરૂષાર્થ મહત્ત્વનો છે તેમ જણાવ્યું. રાજા કશું બોલ્યા વગર ચૂપ રહ્યાં. વજીરે રાજાને દયા ખાઇ લાવેલું ભોજન આપ્યું. રાજાએ હસતાં હસતાં અને ભોજન કરતાં કરતાં કહ્યું કે, "જોયું ને વજીરજી? મારા નસીબમાં હતું તો મને અહીં બેઠાં બેઠાં ભોજન મળ્યું કે નહીં?"

દલીલનો અંત આવે નહીં. પરંતુ કદાચ ઉપરની વાર્તાથી એમ લાગે કે નસીબ હોય તો જ મળે, પરંતુ તે નસીબની પાછળ રહેલો પુરૂષાર્થ દેખાતો નથી. વજીરે જો પ્રયત્ન કર્યો હોય તો?

યાદ રાખો તમારે માટે કોઇક પુરૂષાર્થ કરે તેવી લાલચ રાખવાને બદલે તમારા માટે તથા સમાજની સુખાકારી માટે પુરૂષાર્થ કરો. કદાચ તમારા પુરૂષાર્થની જ રાહ જોઇ નસીબ બેઠું પણ હોય. કદાચ નસીબમાં એવું હોય કે જો વ્યક્તિ જાતે જ પ્રયત્ન કરશો તો જ તે ઇચ્છીત ફળ પ્રાપ્ત કરી શકશે. અન્યના પ્રયત્નો કામ લાગશે જ નહીં. અને આ 'કદાચ' ની આપણને ક્યાં ખબર છે? માટે ચાલો પુરૂષાર્થના પરસેવાને છાંટીને પ્રારબ્ધને જગાડીએ.

**અંતે :**

કર્મ કીએ જા ફલ કિ ચિંતા મત કર ઓ ઇન્સાન,
જૈસા કર્મ કરેગા વૈસા ફલ દેગા ભગવાન.

### ધોનીના નેતૃત્વમાં ટીમ ઇન્ડિયા સુસજ્જ

# ટ્વેન્ટી-૨૦ કપમાં ભારત હોટફેવરિટ તરીકે ઉતરશે

કોલંબો,તા.૧૪

શ્રીલંકામાં ૧૮મી સપ્ટેમ્બરથી ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપની શરૂઆત થઈ રહી છે. તમામ ટીમો આમા શાનદાર દેખાવ કરવા માટે સજ્જ છે પરંતુ ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા સૌથી હોટ ફેવરિટ દેખાઈ રહી છે. કારણ કે ટીમમાં તમામ અનુભવી ખેલાડીઓની હાજરી છે જે કોઈપણ ટીમને પછડાટ આપવા માટે સક્ષમ છે. બીજી એક વિશેષતા એ છે કે આ વખતે ભારતીય ટીમમાં વધારે તાકાત દેખાઈ રહી છે. થર્ટી પ્લસનો દમ જોવા મળી રહ્યો છે. ભારતીય ટીમ જે ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપમાં મેદાનમાં ઉતરી રહી છે જે પૈકી સાત ખેલાડીઓની વય ૩૦થી વધુ છે. ટ્વેન્ટી ક્રિકેટને મૂળભૂત રીતે યુવા ખેલાડીઓની રમત ગણવામાં આવે છે પરંતુ ભારતીય ટીમ સંપૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરી રહી છે. રસપ્રદ બાબત એ છે કે ભારતીય ટીમે વર્ષ ૨૦૦૭માં પ્રથમ ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપ જીતવામાં સફળતા મેળવી હતી. પ્રથમ ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપમાં રમનાર કોઈપણ ખેલાડી ૩૦ વર્ષથી ઉપરની વયનો ન હતો. વર્ષ ૨૦૦૭માં વિશ્વકપ જીતનાર ભારતીય ટીમમાં સૌથી મોટી વયના ખેલાડી ઝડપી બોલર અજીત અગારકર હતો જેની વય ૨૯ વર્ષની હતી. હાલના સમયમાં વર્તમાન ભારતીય ટીમમાં સૌથી મોટી વયના ખેલાડીમાં ઝડપી બોલર ઝહિર ખાન અને વિસ્ફોટક બેટ્સમેન વિરેન્દ્ર સહેવાગ છે. આ બંનેની વય ૩૩-૩૩ વયની છે. ભારતે પ્રથમ વિશ્વકપમાં જીત મેળવી ત્યારે ધોનીની વય ૨૬ વર્ષની હતી પરંતુ હવે તે ૩૧ વર્ષનો થઈ ચૂક્યો છે. ટીમના સ્પેશિયાલિસ્ટ બેટ્સમેન ગૌતમ ગંભીરની વય ૩૦થી ઉપર છે જ્યારે કેન્સર સામે જંગ જીતનાર ઓલરાઉન્ડર યુવરાજ પણ ૩૦ વર્ષનો છે. પ્રથમ ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપમાં આ બંનેની વય ૨૫-૨૫ વર્ષની હતી. વર્તમાન ભારતીય ટીમમાં સૌથી લઘુત્તમ વય ૨૩ વર્ષની છે. ખેલાડીઓના ફોર્મને જોતા ટીમ ઈન્ડિયા ચોક્કસપણે આ વખતે વર્લ્ડકપમાં શ્રેષ્ઠ દેખાવ કરશે. વિરાટ કોહલી શાનદાર ફોર્મમાં છે. પિયુષ ચાવલા, ગૌતમ ગંભીર, વિરેન્દ્ર સહેવાગ, ધોની સહિતના તમામ ખેલાડીઓ છવાઈ જવા માટે ઉત્સુક છે. વર્તમાન ટીમમાં સુરેશ રૈના અને રોહિત શર્મા પણ શાનદાર દેખાવ કરવાની ક્ષમતા ધરાવે છે. ભારતીય ટીમ અન્ય ટીમો કરતા બેટિંગ અને બોલિંગમાં વધારે સંતુલિત દેખાઈ રહી છે. ઈરફાન પઠાણ, ઝહિર ખાન પાસેથી બોલિંગમાં સારા દેખાવો માટેની અપેક્ષા રાખવામાં આવી રહી છે. ભારતીય આશા થર્ટી પ્લસના ધરખમ ખેલાડી અને યુવા ખેલાડીઓના ઉત્સાહ ઉપર આધારિત રહેશે.